# धारणाद धर्ममित्याहुः ।

હિતા રાજયગુરૂ, કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદ

સત્ય પછી ભારતીય સસ્કૃતિની કોઈ વિશેષ મહત્તા હોય તો તે ધર્મ છે જેનુ અવતરણ સત્યમાથી જ થયેલુ છે. સસ્કૃતસાહિત્યના દરેક ગ્રથ ધર્મને મહત્વ આપે છે અને ધર્મનુ પાલન કરવા પર ભાર મૂકે છે.

ધર્મનુ કયારેક ઉલ્લઘન કરવુ જોઈએ નહીં. જે મનુષ્ય ધર્મનુ ઉલ્લઘન કરે છે તે દુઃખ પામે છે. મનુસ્મૃતિ પણ ધર્મને ન હણવાની બાબત પર ભાર મૂકે છે : 'धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः।
तस्माद्धर्मो न हन्तव्यो मा नो धर्मो हतोडवधीत।।' [1] અર્થાત " ધર્મ હણાયેલો હોય તો જ તે આપણને હણે છે. રક્ષાયેલો ધર્મ રક્ષે છે. તેથી મનુષ્યે ધર્મ ન હણવો કારણ કે નહીં હણાયેલ ધર્મ હણતો નથી." જે ધર્મને હણે છે તે પોતે પણ ત્રવિત રહી શકતો નથી. ત્રવિત માનવ પોતાની તમામ પ્રવૃત્તિ અર્થ અને કામ પુરુષાર્થની સિદ્ધિ માટે કરે છે. જો તે આ બે પુરુષાર્થ પામી ન શકે તો તેને પોતાનુ ત્રવન વ્યર્થ લાગે છે. અર્થ અને કામની સિદ્ધિ દ્વારા ત્રવનને સાર્થક, આનદરૂપ બનાવવુ હોય તો ધર્મનુ પાલન કરવુ જોઈએ. તેના થકી જ અર્થ અન કામની પ્રાપ્તિ શછથા છે તેથી જ મહર્ષિ વ્યાસ ઊંચા હાથ કરીને સૌને ધર્મનુ પાલન કરવા સમજાવે છે :

'ऊर्ध्वबाहुर्विशैम्येष न च कश्चिच्छृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थ न सेव्यते ।।' [2]

" હુ ઊંચા હાથ કરી કરીને કહુ છુ, પણ કોઈ મારુ આ કથન સાભળતુ જ નથી. અર્થ તેમજ કામ પણ ધર્મથી જ પ્રાપ્ત થાય છે, છતા ધર્મ કેમ નથી સેવાતો ? " જે ધર્મનુ પાલન કરે નહીં તેને આપણી સસ્કૃતિ મનુષ્ય માનવા પણ તૈયાર નથી. આહાર, નિદ્રા, ભય અને સ્ત્રીસગ– આ લક્ષણો મનુષ્ય અને પશુ, બનેમા જોવા મળે છે. મનુષ્યને પશુથી જુદા પાડતી વિશિષ્ટતા ધર્મ છે. તેથી જ ધમથી જે રહિત છે તેને પશુ જાણવામા આવે છે.

'धर्मो हि तेषामधिको विशेषो
धर्मेण हीनाः पशुभिः समानाः ।। (चाणक्यनीतिसूत्र)

જે ધર્મનુ ભારતીય સસ્કૃતિમા અનેરુ મહત્વ છે તે ધર્મની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા આપી શકાય તેમ નથા તેમજ ' ધર્મ ' શબ્દ એટલો વ્યાપક છે કે તેનો કોઈ ચોક્કસ પર્યાય મળી શકતો નથી. સામાન્ય રીતે લોકો અગ્રેત્રમા આપણે જેને ' Religion ' ( રિલીજિયન ) કહીએ છીએ તેને ધર્મ માને છે. ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મમા ' ધર્મ' નો અર્થ ' Religion ' થાય છે. જેનો અર્થ છે : ' ફરીથી સબધ બાધવો અથવા જોડવો. ' પરતુ હિદુધર્મમા તેનો અર્થ વધુ વ્યાપક અને વધુ ઊંડો છે.

' ધર્મ ' શબ્દ વ્યુત્પત્તિની દૃષ્ટિએ જોતા ' धृ' ધાતુમાથી નિષ્પન્ન થયેલો છે. જેનો અર્થ થાય છે. ઉન્નતિ આપવી, ટેકો આપવો અથવા પોષણ આપવુ. તેનો સાધારણ સમજ મુજબનો અર્થ છે : ઐહિક અને પરલૌકિક ઉન્નતિ આપે તે ધર્મ.

વિવિધ કોષમા ધર્મના વિવિધ અર્થો પ્રાપ્ત થાય છે. 'स्याद्धर्ममस्त्रियां पुण्यश्रेयसी सुकृतं वृषः ' [3] મુજબ ધર્મના પુણ્ય, શ્રેય, સુકૃત, વૃષ– એટલા અર્થો થાય. અમરકોષ બીજા સ્થળે ધર્મનો અર્થ આપે છેઃ 'पुण्ययमन्यायस्वभावाचार सोमपाः ।' [4] તે મુજબ ધર્મના પુણ્ય યમ, ન્યાય, સ્વભાવ, આચાર અને સોમનુ પાન કરનાર એવા અર્થો થાય છે. મેદિનીકોશ ધર્મના આ પ્રમાણે અર્થો આપે છે :

'धर्मोडस्त्री पुण्य आचारे स्वभावोपमयोः कतौ ।